RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 200 Date: 11.05.2024 Saturday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી ૧ જૂન સુધી વચગાળાના જામીન મળ્યા,ચુંટણી પ્રચાર કરી શકશે





નવીદિલ્હી,તા.૧૦

ચૂંટણીના ધમાસાણ વચ્ચે દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટે આજે વચગાળાના જામીન આપ્યા અને પોતાનો આદેશ આપ્યો છે પ્રચારના સવાલ પર અરવિંદ કેજરીવાલ જેલમાંથી બહાર આવશે. કેજરીવાલને ૧ જૂન સુધી જામીન આપી દીધા છે. આ સાથે સુપ્રીમકોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને કહ્યું હતું કે તેઓ આગામી ૨ જૂને આત્મસમર્પણ કરી દે. જસ્ટિસ ખન્નાએ તેમને જામીન આપવાનો ચુકાદો સંભળાવ્યો હતો. તે જ સમયે, ઈડીએ માત્ર વચગાળાના જામીનનો વિરોધ કર્યો ન હતો, પરંતુ પૂરક ચાર્જશીટ પણ દાખલ કરી હતી અને કેજરીવાલ અને તેમની આમ આદમી પાર્ટીને ઘેરવાની સંપૂર્ણ યોજના તૈયાર કરી હતી.

ઈડીએ અરવિંદ કેજરીવાલના વચગાળાના જામીનના મુદ્દે એફિડેવિટ દ્વારા સુપ્રીમ કોર્ટમાં વિરોધ નોંધાવ્યો છે અને કહ્યું છે કે ચૂંટણીમાં પ્રચાર કરવાનો અધિકાર ન તો મૂળભૂત અધિકાર છે કે ન તો બંધારણીય અધિકાર. સોગંદનામામાં, ઈડીએ કહ્યું છે કે એવા ઘણા ઉદાહરણો છે કે જ્યાં રાજકારણીઓ ન્યાયિક કસ્ટડીમાં હોય ત્યારે ચૂંટણી લડ્યા હતા અને કેટલાક જીત્યા પણ હતા, પરંતુ ચૂંટણી પ્રચાર માટે તેમને ક્યારેય વચગાળાના જામીન આપવામાં આવ્યા ન હતા. કેન્દ્રીય એજન્સીએ કહ્યું, 'કોઈ નેતાને ચૂંટણી પ્રચાર માટે વચગાળાના જામીન આપવામાં આવ્યા નથી, પછી ભલે તે ચૂંટણી લડતાન હોય. ચૂંટણી લડનાર ઉમેદવાર કસ્ટડીમાં હોય તો પણ તેમને પોતાના પ્રચાર માટે પણ વચગાળાના જામીન આપવામાં આવતા નથી.

ઈડી એ એફિડેવિટમાં કહ્યું હતું કે, 'એ ધ્યાનમાં રાખવું પ્રાસંગિક છે કે ચૂંટણી માટે પ્રચાર કરવાનો અધિકાર ન તો મૂળભૂત અધિકાર છે, ન તો બંધારણીય અને ન તો કાનૂની અધિકાર છે. ઉપરોક્ત હકીકતલક્ષી અને કાનૂની દલીલોને ધ્યાનમાં રાખીને, વચગાળાના જામીન માટેની વિનંતીને ફગાવી દેવી જોઈએ કારણ કે તે કાયદાના સ્થાપિત સિદ્ધાંતોની વિરુદ્ધ હશે જે બંધારણની મૂળભૂત વિશેષતા છે. માત્ર રાજકીય ચૂંટણી પ્રચાર માટે વચગાળાના જામીન આપવા એ સમાનતાના નિયમની વિરુદ્ધ હશે અને તે ભેદભાવપૂર્ણ હશે કારણ કે દરેક નાગરિકનું કાર્ય/વ્યવસાય/વ્યવસાય અથવા પ્રવૃત્તિ તેના માટે સમાન રીતે મહત્વપૂર્ણ છે.

ઈડીએ કહ્યું હતું કે તે સમજવું શક્ય નથી કે નાના ખેડૂત અથવા વેપારીનું કામ એક રાજકીય નેતાના પ્રચાર કરતા ઓછું મહત્વનું છે જે સ્વીકારે છે કે તે ચૂંટણી લડી રહ્યા નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે જો કેજરીવાલને તેમની પાર્ટી માટે લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે રાજકારણી હોવાને કારણે કોઈ વચગાળાની રાહત આપવામાં આવે છે, તો તેમાં કોઈ બીજો મત નથી કે જેલમાં બંધ તમામ રાજકારણીઓ સમાન રાહતની માગ કરશે, અને દાવો કરશે કે તેઓ કરશે. પણ આ શ્રેણીમાં આવે છે. ઈડીએ તેના ૪૪ પાનાના સોગંદનામામાં કહ્યું છે કે રાજકારણી સામાન્ય નાગરિક કરતાં વધુ કોઈ વિશેષ દરજ્જાનો દાવો કરી શકે નહીં.

## 'પાકિસ્તાનને માન આપો, એટમ બોમ્બ છે એની પાસે..' કોંગ્રેસના વધુ એક વિવાદિત નેતાનો બફાટ

વારસાગત ટેક્સ અને ભારતીયો વિશે જાતિવાદી ટિપ્પણી કરનાર ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સામ પિત્રોડા બાદ હવે કોંગ્રેસના વધુ એક નેતાનું નિવેદન સામે આવ્યું છે. પાર્ટીના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે પાકિસ્તાનને લઈને વિવાદિત નિવેદન આપ્યું છે.મણિશંકર ઐયરે કહ્યું કે ભારતે પાકિસ્તાનનું સન્માન કરવું જોઈએ કારણ કે પાડોશી દેશ પાસે પરમાણુ બોમ્બ છે. જો આપણે તેમનું સન્માન નહીં કરીએ તો તેઓ ભારત પર પરમાણુ હુમલો કરવાનું વિચારી શકે છે. અય્યરે કહ્યું કે ભારતે એ ન ભૂલવું જોઈએ કે પાકિસ્તાન પાસે પણ પરમાણુ હથિયાર છે. મને સમજાતું નથી કે વર્તમાન સરકાર શા માટે કહે છે કે અમે પાકિસ્તાન સાથે વાત નહીં કરીએ કારણ કે ત્યાં આતંકવાદ છે. એ સમજવું જરૂરી છે કે આતંકવાદને ખતમ કરવા માટે વાતચીત ખૂબ જ જરૂરી છે. નહીં તો પાકિસ્તાન વિચારશે કે ભારત અહંકારથી આપણને દુનિયામાં નાનું દેખાડી રહ્યું છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનનો કોઈપણ પાગલ આ બોમ્બનો ઉપયોગ કરી શકે છે.મણિશંકરે ચેતવણીભર્યા શબ્દોમાં કહ્યું કે પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ છે. અમારી પાસે પણ છે પણ જો કોઈ પાગલ આ બોમ્બ લાહોરથી છોડવાનું નક્કી કરે તો શું થાય. આ રેડિયેશનને અમૃતસર પહોંચવામાં આઠ સેકન્ડ પણ નહી લાગે. જો આપણે તેમને માન આપીશું તો તેઓ શાંત રહેશે પરંતુ જો આપણે તેમને નાના દેખાડતા રહીશું તો કોઈ પાગલ આવીને બોમ્બ ફેંકશે.કોંગ્રેસ નેતાએ કહ્યું કે હું એમ નથી કહેતો કે આપણે વિચારવું જોઈએ કે આપણી સમસ્યાઓ કેવી રીતે હલ થશે? આ નિષ્ણાતોનું કામ છે. હું માત્ર એટલું જ કહું છું કે તમે નફરત દર્શાવીને કે બંદૂક બતાવીને પરિસ્થિતિ સુધારી શકતા નથી. આપણે સમજવું પડશે કે પાકિસ્તાન પણ એક સાર્વભૌમ રાષ્ટ્ર છે, તેનું સન્માન પણ છે.

## 'અમારા બોમ્બ-હથિયારોથી નિર્દોષો માર્યા ગયા..' અમેરિકાએ સ્વીકાર્યું, ઈઝરાયલ અંગે લીધો મોટો નિર્ણય



ઈઝરાયેલ-હમાસ વચ્ચે ગાઝા પટ્ટી (ય્ટ્ઠડટ્ઠ જીંૈ)માં ૨૦૨૩ના ઓક્ટોબરમાં યુદ્ધ શરુ થયું હતું. જેમાં અત્યાર સુધીમાં ભારે ખુંવારી થઈ છે. અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે તો ઘણા લોકો પોતાના ઘર છોડવા મજબૂર બન્યા છે. ત્યારે અમેરિકન પ્રમુખ જો બાયડ (ત્નૌ મ્ૈઙ્ઘીહ)ને સ્વીકાર્યું છે કે 'અમેરિકા દ્વારા ઈઝરાયલને આપવામાં આવેલા બોમ્બ-હથિયારોના કારણે ગાઝામાં નિર્દોષ પેલેસ્ટાઈનીઓ માર્યા ગયા. ઈઝરાયલ અને હમાસ વચ્ચે ગાઝા પટ્ટી પર છેલ્લા સાત મહિના જેટલા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. જેમાં અનેક નિર્દોષ નાગરિક આ યુદ્ધનો શિકાર બન્યા છે. ત્યારે અમેરિકન પ્રમુખ જો બાયડનનું મોટું નિવેદન સામે આવ્યું છે.

## રથયાત્રાનું કાઉન્ટડાઉન શરૂઃ અખાત્રીજે ત્રણેય રથની પૂજા કરાઈ

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ જગન્નાથ મંદિર દ્વારા ભગવાન જગન્નાથની ૧૪૭મી રથ યાત્રાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આજે ત્રીજના દિવસે અખાત્રીજના પવિત્ર રથની પૂજા કરવામાં આવી હતી. ત્રણેય રથ ભગવાન જગન્નાથનાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના વિશેષ રીતે શણગાર કરવામાં આવ્યા હતાં

ભગવાન જગન્નાથના રથની વિશેષ પૂજા કરવામાં આવી છે. તેમની સાથે બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના રથની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી.મંત્રોચાર સાથે વિધિ કરવામાં આવી હતી અને રથની આરતી કરવામાં આવી હતી આ પુજા



જગન્નાથ મંદિરના મહંત અને ટ્રસ્ટી મહેન્દ્ર ઝા દ્વારા કરવામાં આવી હતી અને મેયર, ધારાસભ્ય અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા

એ યાદ રહે કે ભગવાન જગન્નાથ રથયાત્રા નીકળે તે પહેલાં અને રથનું સમારકામ કરવામાં આવતું હોય છે તે સમારકામની શરૂઆત અખાત્રીજના દિવસે થી કરવામાં આવે છે ભગવાન જ્યારે રથયાત્રા નીકળે છે ત્યારે રથ પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર હોય છે રથ ના કલર આકર્ષક કેન્દ્ર બનતું હોય છે. રથના પૈડાં સહિતનું સમારકામ કરવામાં આવે છે. ૧૪૬ વર્ષથી ચાલી આવતી પરંપરાને આજે પણ જીવનત રાખવામાં આવી રહી છે. ૧૪૬ મી રથયાત્રાની તૈયારી શરૂ કરવામાં આવી છે તમામ વિધિ પરંપરા પ્રમાણે કરવામાં આવે છે. રથનું સમારકામ, ભગવાનના વાઘા બનાવવાનું કામ શરૂ કરવામાં આવશે. રથયાત્રા નીકળે પહેલાની વિધિઓ હવે શરૂ થઈ જશે. ભગવાન જળયાત્રા નીકળશે. ત્યાર બાદ ભગવાન મોસાળ જશે. ભગવાન મોસાળ થી આવ્યા બાદ નેત્રોત્સવ વિધિ અને સોનાવેશની વિધિ કરવામાં આવશે ત્યારે બાદ અષાડી બીજના દિવસે ભગવાન જગન્નાથ નગર ચર્યએ નીકળશે.-

## ગુજરાત ભરની આંગડિયા પેઢીમાં દરોડા, રૂ. ૧૦ કરોડ રિકવર કરાયા

અમદાવાદ,તા.૧૦

રાજ્યભર માં આંગડિયા પેઢી માં સીઆઈડી ક્રાઈમ ના દરોડા પાડવામાં આવ્યા છે. ફેંક એકાઉન્ટને લઈ થઈ ફરિયાદ હતી. જે મામલે આરટીજીએસ દ્વારા ગેરકાયદેસર નાણાંની હેરાફેરી થઈ હતી. આ આંગડિયા પેઢી દ્વારા ખોટા વ્યવહારોને લઈ ૨૫ જગ્યા ઉપર ૪૦ લોકોની સીઆઈડી ક્રાઈમની ટીમએ સર્ચ કરીને ૧૦ કરોડ રૂપિયાનો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો છે.કેટલીક જાણીતી આંગડિયા પેઢીમાં ચલણી નાણું , ફોરેશન કરન્સી ,સોના સહિત મુદ્દામાલ સીઆઈડી ક્રાઈમ જપ્ત કર્યો. ગુજરાતમાં ગેરકાયદેસર નાણાંકીય હેરાફેરી દ્વારા હવાલા કરનારા આંગડિયા પેઢી પર તવાઈ કરવામાં આવી છે અમદાવાદ માં સિજી રોડ પર આંગડિયા પેઢી પર દરોડા કરવામાં આવ્યા છે.તો બીજી તરફ ભરૂચમાં સીઆઈડીને મોટી સફળતા મળી છે. પાકિસ્તાની જાસૂસ પ્રવીણકુમાર મિશ્રાને સીઆઈડીએ ધરપકડ કરી છે. અત્રે જણાવીએ કે, આ આરોપી પ્રવીણ ભારતની ગુપ્ત માહિતી પાકિસ્તાન મોકલતો હતો. આરોપી પાકિસ્તાની એજન્ટના હનીટ્રેપનો શિકાર થયો હોવાનો ખુલાસો થયો છે.

## ગાંધીનગર જિલ્લામાં સાયન્સનું ૮૧.૬૦ ટકા પરિણામ



ગાંધીનગર: બોર્ડની ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના પરિણામો જાહેર થયાં છે. સમગ્ર રાજયના પરીણામની સામે ગાંધીનગરની ટકાવારી પોણો ટકા જેટલી ઓછી છે. પરંતુ ગત વર્ષની જિલ્લાના પરિણામની સરખામણીએ ૧૮ ટકા ઉંચુ પરિણામ ૮૧.૬૦ટકા આવ્યું છે. જિલ્લામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપનાર ૪૬૨૦માંથી ૩૭૭૦ વિદ્યાર્થી પાસ થયાં છે. તેમાં એ-૧ ગ્રેડમાં ૨૫ અને એ-૨ ગ્રેડમાં ૩૦૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. જયારે નાપાસ થયેલા ૮૬૨ વિદ્યાર્થીએ પુરક પરીક્ષા આપવાની રહેશે. આ સાથે ગત વર્ષની સરખામણીએ નાપાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. ગત વર્ષે એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીની સંખ્યા માત્ર ૨ હતી. જે આ વર્ષે ૨૫ પર પહોંચી છે.ગત વર્ષે ધોરણ ૧૨માં એવા વિદ્યાર્થીઓ હતાં. જેમને વર્ષ ૨૦૨૧માં કોરોના કાળને લઈને ધોરણ ૧૦માં માસ પ્રોમશન આપવામાં આવ્યુ હતું. જેના કારણે આ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા તો પ્રથમવાર જ આપી હતી. પરંતુ આ વર્ષે આવી કોઇ સ્થિતિ ન હતી. કોરોના મહામારી જેવી ઓનલાઇન અભ્યાસમાં થતી ખલેલની સ્થિતિ પણ ન હતી. વધારામાં જિલ્લા શિક્ષણ તંત્ર અને શાળાઓ દ્વારા તથા શિક્ષકોની સાથે વાલીઓ દ્વારા શૈક્ષણિક કાર્યને લઈને વિશેષ ગંભીરતા દાખવવામાં આવી હતી. જેના કારણે સરવાળે ગાંધીનગર જિલ્લાના પરિણામમાં નોંધપાત્ર વધારો નોંધવામાં આવ્યો છે.

બોર્ડના સુત્રો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માટે નોંધાયેલા ૪૬૩૨ વિદ્યાર્થીઓ પૈકીના ૪૬૨૦ વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા આપવામાં આવી હતી અને આ પૈકીના ૩૭૭૦ વિદ્યાર્થીઓ પાસ અને ૮૬૨ વિદ્યાર્થીઓ નાપાસ થયાનું બોર્ડના પરિણામમાં જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત શિક્ષણ બોર્ડની માહિતી પ્રમાણે આ સાથે ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૮૧.૬૦ ટકા આવ્યું છે.

## દહેગામમાં ચૂંટણી ફરજમાં રોકાયેલા ૧૦૦થી વધુ કર્મચારીઓને ફૂડ પોઈઝનિંગ

દહેગામ : ગાંધીનગર જિલ્લાના દહેગામ વિધાનસભા વિસ્તારમાં ચૂંટણી ફરજ નિભાવનાર કર્મીઓની હાલત લથડી હોવાની વિગતો મળી છે. જેમાં ૭૦ જેટલા પ્રાયમરી શિક્ષકો અને ૨૫ માધ્યમિકનાં શિક્ષકોને ઝાડા ઉલ્ટી થયા હોવાનું પ્રાથમિક સામે આવ્યું છે. મામલો સામે આવ્યા બાદ તંત્ર પણ હરકતમાં આવ્યું છે અને વિગતો મેળવી રહ્યું છે. જોકે આ મામલે કર્મચારીઓ આ માટે ભોજનને કારણભૂત માની રહ્યા છે તો બીજી શક્યતા વધુ પડતી ગરમી હોવાનું કહી તંત્ર લૂલો બચાવ કરી રહ્યું છે.

લોકસભાની ચૂંટણી માટે ગત મંગળવારે સમગ્ર રાજ્યની ૨૫ બેઠકો ઉપર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી ત્યારે ગાંધીનગર જિલ્લાના ખાતેથી મેળવીને મતદાન મથક સુધી પહોંચ્યા હતા. જ્યાં તેમના માટે બપોરે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી ત્યારબાદ મંગળવારે મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા પછી દહેગામ કોલેજ ખાતે રિસીવિંગ સેન્ટર ખાતે પણ કર્મચારીઓ માટે ચૂંટણી તંત્ર દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી જ્યાં કેટલા કર્મચારીઓ દ્વારા ઈવીએમ જમા કરાવીને જમ્યા બાદ પોતપોતાના ઘરે રવાના થઈ ગયા હતા. જોકે ભોજન લેનાર કર્મચારીઓને રાત્રે જ ઝાડા ઉલટી થઈ ગયા હતા તો ગઈકાલે સવારે પણ કર્મચારીઓને ઝાડા ઉલટી થયા હોવાની વિગતો બહાર આવી હતી. જેના પગલે જિલ્લાનું વહીવટી તંત્ર પણ દોડતું થઈ ગયું હતું

## *આજનો વિચાર*

જુઓ આ છે આપણુ ચિત્ર વહાલા..
કશું લીધા વગર આવવાનું,
બધું જ લૂંટી લેવા માટે મુઠ્ઠી વાળીને દોડવાનું
અને છેલ્લે ખાલી હાથે ઉપડવાનું...
- MANNISH *( MINTOO )*

## તંત્રી લેખ......

# સળગતાં જંગલો

હિમાલયી ક્ષેત્ર સમૃદ્ઘ જૈવ વિવિધતા ધરાવે છે. તેનાં જંગલોમાં સતત આગના સમાચારો પરેશાન કરે છે. મેના પહેલા અઠવાડિયામાં જ આગ લાગવાની લગભગ નવસો ઘટનાઓ નોંધાઈ ચૂકી છે. જેમાં લગભગ બાર હજાર હેક્ટર વન ક્ષેત્રને અગ્નિદ્ધકાંડથી નુક્સાન થયું. પાંચ લોકોના મરવાના અહેવાલો પણ છે. એમ તો દર વર્ષે ઉત્તરાખંડનાં જંગલોમાં આગ લાગવાના સમાચારો આવે છે. આ સિલસિલો માર્ચના અંતથી શરૂ થઈને મે સુધી ચાલે છે. પરંતુ આ વખતે આ સંકટ વધુ ગંભીર દેખાય છે. રાજ્ય સરકારના સીમિત સંસાધનો અને ભૌગોલિક જટિલતાઓને કારણે જંગલો સળગવાનું ચાલુ છે. કાબૂ મેળવવા માટે વાયુસેના અને એનડીઆરએફની મદદ લેવાઈ રહી છે. એક હકીકત છે કે જંગલોના સળગવામાં માનવીય હસ્તક્ષેપ ક્યાંકને ક્યાંક હોય જ છે. જંગલોમાં ખરતાં સૂકાં પાંદડાં-ઘાસમાં જ્વલનશીલતા તો હોય છે, પરંતુ આગ માનવીય લાપરવાહી કે કાવતરાથી જ લાગે છે. તેની પુષ્ટિ એ વાતે થાય છે કે નવેમ્બર ૨૦૨૩થી અત્યાર સુધી લગભગ પોણા ચારસો વન અપરાધોના કેસ નોંધાયા છે. તેમાં સાઈઠ લોકો વિરુદ્ઘ ફરિયાદ નોંધાઈ ચૂકી છે. આ વાતને ઉત્તરાખંડનું વન વિભાગ પણ સ્વીકારે છે કે ૯૫ ટકા અગ્નિદ્ધકાંડના કેસોમાં માનવીય દખલ જવાબદાર હોય છે.

અગ્નિદ્ધકાંડો બાદ કાર્યવાહી ફોરેસ્ટ એક્ટ અને વન્ય જીવ સંરક્ષણ કાયદા અંતર્ગત કરાઈ રહી છે. તે ઉપરાંત જાહેર અને ખાનગી સંપત્તિ નુક્સાન ક્ષતિપૂર્તિ કાયદા અંતર્ગત પણ કાર્યવાહી થશે. આ સંકટને જોતાં એનડીઆરએફ અને વાયુસેનાના હેલિકોપ્ટરોની મદદ લેવાઈ રહી છે. જ્યારે આઈઆઈટી રુડકીની મદદથી કૃત્રિમ વરસાદના વિકલ્પ પર પણ વિચાર થઈ રહ્યો છે. નિશ્ચિતપણે દર વર્ષે બળી જતા સેંકડો હેક્ટર જંગલોને આગથી બચાવવા માટે સ્થાયી ઉપાયોની જરૂરિયાત અનુભવાઈ રહી છે. આપણે ૨૦૨૧માં થયેલા અગ્નિદ્ધકાંડો પરથી બોધપાઠ લેવો જોઈએ, જ્યારે આગ લાગવાની લગભગ ૨૮૧૩ ઘટનાઓમાં અંદાજે ચાર હજાર હેક્ટર વન ક્ષેત્રને નુક્સાન થયું હતું. અગ્નિદ્ધકાંડોમાં આઠ લોકો માર્યા ગયા હતા. રોચક તથ્ય એ છે કે કોવિડ-૧૯ના દોરમાં માનવીય આવાજાહી ઓછી થવાથી આગ લાગવાની સૌથી ઓછી ઘટનાઓ બની હતી. અસલમાં સરકારોની પ્રાથમિકતામાં પર્યાવરણ અને વન સંરક્ષણ સામેલ જ નથી થઈ શક્યું. વનોના સંરક્ષણ માટે બજેટ બહુ ઓછું છે અને આગ બુઝાવવાના પર્યાપ્ત સંસાધનોનો અભાવ છે. ગત દિવસોમાં અગ્નિદ્ધકાંડની ઘટનાઓ દરમ્યાન વનકર્મીઓની ડ્યૂટી ચૂંટણી માટે લગાવવા પર પણ સવાલ ઊભા થયા હતા. એ ઉપરાંત ગ્લોબલ વોર્મિંગને કારણે વાતાવરણમાં તાપમાન વધવાથી પણ આગ લાગવાની ઘટનાઓ વધી છે. આપણે વધતા તાપમાનની સાથે પ્રકૃતિ સંરક્ષણના ઉપાયોને ઉત્તેજન આપવું પડશે.

# જીએસટી વસૂલાત માટે કેન્દ્ર બળજબરી ના કરી શકે: સુપ્રિમ કોર્ટ



નવીદિલ્હી,તા.૧૦

સુપ્રીમ કોર્ટમાં ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, એમએમ સુંદરેશ અને બેલા ત્રિવેદીની બેન્ચે કેન્દ્ર સરકારને જીએસટી વસૂલાત માટે ઉદ્યોગપતિઓ સામે સર્ચ અને જપ્તી કામગીરી દરમિયાન 'ધમકી અને બળજબરી'નો ઉપયોગ ન કરવાનો નિર્દેશ આપ્યો હતો અને જણાવ્યું હતું કે તેઓને સ્વેચ્છાએ બાકી રકમ ચૂકવવા માટે સમજાવવામાં આવે. બેન્ચે નિર્દેશ કર્યો કે જીએસટી કાયદા હેઠળ એવી કોઈ જોગવાઈ નથી કે જે અધિકારીઓને બાકી ચૂકવણી માટે બળ કે ધમકીનો ઉપયોગ કરવાની સત્તા આપે.ખંડપીઠે કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુને કહ્યું કે, જીએસટી કાયદા હેઠળ કોઈ પણ વ્યક્તિને સર્ચ અને જપ્તી દરમિયાન ટેક્સની જવાબદારી ચૂકવવાની ફરજ પાડવાની સત્તા આપવામાં આવી નથી. તમારા વિભાગને કહો કે ચુકવણી સ્વૈચ્છિક રીતે થવી જોઈએ અને કોઈ બળનો ઉપયોગ કરવો જોઈએ નહીં. તમારે કથિત ગુનેગારને વિચારવા, સલાહ લેવા અને તેની જવાબદારી પૂરી કરવા માટે ત્રણ-ચાર દિવસનો સમય આપવો પડશે.

સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ, અગાઉ ટ્યૂ કલેકશન દરમિયાન બળના ઉપયોગની શક્યતાને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે, સર્ચ અને જપ્તી દરમિયાન મોટાભાગની ચૂકવણી સ્વૈચ્છિક રહી છે. તેમણે જીએસટી એક્ટ પર દિવસભર ચાલેલી સુનાવણીમાં જણાવ્યું હતું કે વસૂલાતની બંને પદ્ધતિઓની શક્યતા છે, પરંતુ મોટાભાગની ચૂકવણી સ્વૈચ્છિક રીતે અથવા વકીલ સાથે ચર્ચા કરીને થોડા દિવસો પછી કરવામાં આવે છે. ભૂતકાળમાં આવા કેટલાક ઉદાહરણો હોઈ શકે છે પરંતુ આ સ્ટાન્ડર્ડ નથી. આના પર બેન્ચે કહ્યું કે ઘણા અરજદારોએ અધિકારીઓ પર સર્ચ અને જપ્તી ઓપરેશન દરમિયાન ધમકીઓ અને બળજબરીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે.

# અમેરિકી સૈનિકો બહાર લઈ ગયા અને ચાર વખત બળાત્કાર કર્યો

વોશિંગ્ટન,તા.૧૦

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકા, બ્રિટન અને કેનેડાના સૈનિકો ફ્રાંસના નોર્મેન્ડી પહોંચ્યા હતા. આ તે સ્થાન હતું જ્યાંથી સમુદ્રમાં યુદ્ધ શરૂ થયું હતું. આ સમયગાળા દરમિયાન એક દર્દનાક ઘટના ફ્રેન્ચ મહિલા એમી ડુપ્રે દ્વારા શેર કરવામાં આવી છે, જે હવે ૯૯ વર્ષની છે. એમી ડુપ્રેએ જણાવ્યું કે જૂન, ૧૯૪૪માં નોર્મેન્ડીમાં ઉતર્યા બાદ બે અમેરિકન સૈનિકોએ તેની માતા પર બળાત્કાર ગુજાર્યો હતો. તે ૮૦ વર્ષથી આ બાબતને દબાવી રહી હતી, પરંતુ હવે તેણે આ વાતનો ખુલાસો કર્યો છે. જ્યારે આ ઘટના બની ત્યારે એમી માત્ર ૧૯ વર્ષની હતી અને તેનો પરિવાર ફ્રાન્સના બ્રિટ્ટેનીમાં રહેતો હતો.

તેમણે કહ્યું કે જ્યારે સૈનિકો આવ્યા ત્યારે તેઓ ખુશ હતા. તેઓએ વિચાર્યું કે મુક્તિદાતાઓ આવી ગયા છે. એમી કહે છે કે અમારો ઉત્સાહ થોડા દિવસો પછી ખતમ થઈ ગયો. જ્યારે બે અમેરિકન સૈનિકો તેના પરિવારના ખેતરમાં પહોંચ્યા હતા. સાંસદે તેની માતાએ લખેલો પત્ર બતાવ્યો અને કહ્યું કે આજ સુધી અમે કંઈ ભુલ્યા નથી. સાંસદે કહ્યું કે તેઓ ખૂબ દારૂ પીતા હતા અને તેઓ એક મહિલા ઈચ્છે છે. એમીની માતાએ પોતાની બળાત્કારની ઘટનાનું વર્ણન કરતાં લખ્યું હતું કે અમેરિકન સૈનિકો તેમના ઘરમાં ઘૂસી ગયા હતા.તેઓએ મારા પતિના માથા પર ગોળી મારી અને તે મૃત્યુ પામ્યો. આ પછી તે મારી પુત્રી તરફ ગયો. મેં મારી પુત્રીને બચાવવા માટે તેમની સાથે બહાર જવાનું શ્રેષ્ઠ માન્યું. આ પછી તેઓ મને ગન પોઈન્ટ પર બહાર લઈ ગયા. તેઓ મને ખેતરોમાં લઈ ગયા અને મારા પર બળાત્કાર ગુજાર્યો. બંને સૈનિકોએ મારા પર ચાર-ચાર વાર બળાત્કાર કર્યો. એમીએ ભાવુક થઈને કહ્યું, 'આખરે મારી માતાએ કેટલી પીડા સહન કરી હતી. અમારે પણ આ બધાનો સામનો કરવો પડ્યો. દરરોજ આપણે આ યાદ કરીએ છીએ.

સાંસદે કહ્યું કે મારી માતાએ મને બચાવવા માટે પોતાને અમેરિકન સૈનિકોને ઓફર કરી. તેઓએ આખી રાત તેના પર બળાત્કાર ગુજાર્યો, જ્યારે અમે તે ક્યારે પરત આવશે તે જોવા માટે ઘરે રાહ જોતા હતા. મારા મનમાં એક ડર હતો કે તે જીવતી પરત ફરશે અથવા તેને ગોળી મારી દેવામાં આવશે. તેણે કહ્યું કે અમે તે રાત ભૂલી શકતા નથી. નોર્મેન્ડીનું યુદ્ધ ઓક્ટોબર ૧૯૪૪માં જીત્યું હતું. આ પછી અમેરિકી સેનાએ ૧૫૨ સૈનિકો સામે ટ્રાયલ હાથ ધર્યું. આ પુરુષો પર ફ્રેન્ચ મહિલાઓ પર બળાત્કાર કરવાનો આરોપ હતો.

# આતંકવાદીઓના યજમાન પાકિસ્તાન, ખુદ આતંકી હુમલાથી પરેશાન, એક્કાઉન્ટરમાં ૬ હુમલાખોરો માર્યા ગયા

ઈસ્લામાબાદ,તા.૧૦

આતંકવાદીઓના રક્ષક તરીકે ઓળખાતું પાકિસ્તાન આ દિવસોમાં આતંકી હુમલાઓથી પરેશાન છે. પાકિસ્તાનના અલગ-અલગ શહેરોમાં દરરોજ આતંકી હુમલા થઈ રહ્યા છે. તેનો અર્થ એ છે કે પાકિસ્તાન હવે ધીમે ધીમે તે જ આતંકનો પાક લઈ રહ્યું છે જે તેણે ઉગાડ્યું હતું. તાજેતરમાં સુરક્ષા દળો પર થયેલા આતંકવાદી હુમલામાં પાકિસ્તાનના ઘણા અધિકારીઓ માર્યા ગયા હતા. જો કે પાકિસ્તાની સેનાએ હવે આ આતંકી હુમલાનો બદલો લીધો છે. સેનાએ ખૈબર પખ્તુનખ્વા અને ઉત્તર વજીરિસ્તાનમાં કુલ ૬ આતંકીઓને ઠાર કર્યા છે.

મળતી માહિતી મુજબ, પાકિસ્તાનના સુરક્ષા દળોએ બુધવારે અફઘાનિસ્તાનની સરહદે આવેલા ઉત્તર-પશ્ચિમ ક્ષેત્રમાં બે સ્થળોએ દરોડા પાડ્યા હતા અને છ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. સેનાએ આ જાણકારી આપી. સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ખૈબર પખ્તુનખ્વાના ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લામાં એક સ્થાન પર દરોડા દરમિયાન પાંચ આતંકવાદીઓ માર્યા ગયા હતા. નિવેદનમાં માર્યા ગયેલા આતંકવાદીઓની વિગતો આપવામાં આવી નથી અને માત્ર એટલું જ કહેવામાં આવ્યું છે કે તેઓ સુરક્ષા દળો પર અગાઉના હુમલાઓમાં સામેલ હતા. આ દરમિયાન ઉત્તર વઝીરિસ્તાનમાં અન્ય એક સ્થળે હુમલામાં એક આતંકવાદી માર્યો ગયો હતો. ઉત્તર વઝીરિસ્તાન એક સમયે પાકિસ્તાની તાલિબાનોનો ગઢ હતું. નિવેદનમાં માર્યા ગયેલા આતંકવાદીની ઓળખ જાહેર કરવામાં આવી નથી. સામાન્ય રીતે આતંકવાદીઓની ઓળખ છૂપી નથી હોતી, પરંતુ આ વખતે પાકિસ્તાન તેમની ઓળખ જાહેર કરી રહ્યું નથી. આવી સ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે માર્યા ગયેલા આતંકવાદીઓ પાકિસ્તાનની ધરતી પરથી ઉછરેલા હોઈ શકે છે અને તેમના પોતાના હોઈ શકે છે. જો કે, પાકિસ્તાની સેના તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના આતંકવાદીઓ સાથે લાંબા સમયથી ઘર્ષણમાં છે. પરંતુ આ વખતે એવું લાગે છે કે પાકિસ્તાનને તેના જ આતંકવાદીઓથી નુકસાન થયું છે. એટલા માટે એક્કાઉન્ટરમાં માર્યા ગયા પછી પણ તેની ઓળખ છુપાવવામાં આવી રહી છે.

# સ્પેસ સાયન્સમાં ક્રાંતિ, પહેલીવાર આ પ્રકારના ઈંધણથી ઉડાડ્યું રોકેટ, જર્મન એજન્સીને મળી સફળતા

કૂનીબ્બા,તા.૧૦

એક જર્મન કંપનીએ પ્રથમવાર મીણબત્તીમાં ઉપયોગમાં લેવાતા મીણની ઉર્જા વડે રોકેટ અંતરિક્ષમાં મોકલવામાં સફળતા મેળવી છે. આ સફળતા નાના કારોબારીઓ માટે ઓછા ખર્ચે અંતરિક્ષમાં ઉપગ્રહ મોકલવાની દિશામાં મહત્વનું છે. આ રોકેટ ૭ મે ના રોજ સવારે ૫ વાગે દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં કૂનીબ્બા ખાતેની લોંચ સાઈટ પરથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેનું નામ એઆર ૭૫ રાખવામાં આવ્યું છે.પરીક્ષણમાં ઉપયોગમાં લેવાયેલું રોકેટ ૧૨ મીટર લંબાઇ ધરાવે છે. આ રોકેટની મદદથી ૨૫૦ કિલો વજન ૨૫૦ કિમી દૂર અવકાશમાં લઇ જઇ શકાય છે. દરિયાની સપાટીથી ૧૦૦ કિમી ઉંચાઇ પર અંતરિક્ષની સીમા શરુ થાય છે. આ રોકેટ ઉર્જા માટે પેરાફીન એટલે કે મીણબત્તી અને તરલ ઓકિસજનનો પ્રથમવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઈંધણ રોકેટમાં વાપરવા માટે માઇનસ ૪૩૨ ડિગ્રી સેલ્સિયસ સુધી ઠંડુ રાખી શકાય છે. રોકેટ તૈયાર કરવાના જર્મન અંતરિક્ષ એજન્સી ડીએલઆરના સ્ટાર્ટઅપમાં ૬૫ લોકો કામ કરી રહયા છે.

# આકાશ આનંદે પાર્ટીના વડા માયાવતીને બહુજન સમાજ માટે રોલ મોડલ ગણાવ્યા

લખનૌ,તા.૧૦

બહુજન સમાજ પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક પદ પરથી બરતરફ થયા બાદ આકાશ આનંદે પાર્ટીના વડા માયાવતીને બહુજન સમાજ માટે રોલ મોડલ ગણાવ્યા હતા. સાથે જ કહ્યું કે તેઓ ભીમ મિશન અને તેમના સમાજ માટે તેમના અંતિમ શ્વાસ સુધી લડતા રહેશે. બસપાના રાષ્ટ્રીય સંયોજક પદ પરથી હટાવ્યા બાદ આકાશ આનંદની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. બસપા નેતા અને પાર્ટી ચીફ માયાવતીના નિર્ણય બાદ આકાશ આનંદે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું છે.

પોતાની પહેલી કોમેન્ટમાં આનંદે લખ્યું, બસપા ચીફ માયાવતી, તમે સમગ્ર બહુજન સમુદાય માટે રોલ મોડલ છો, કરોડો દેશવાસીઓ તમારી પૂજા કરે છે. તમારા સંઘર્ષને કારણે જ આજે આપણા સમાજને એવી રાજકીય તાકાત મળી છે જેના કારણે બહુજન સમાજ સન્માન સાથે જીવતા શીખ્યો છે. તમે અમારા સાર્વત્રિક નેતા છો. તમારો ઓર્ડર સંપૂર્ણ બળમાં છે. ભીમ મિશન અને મારા સમાજ માટે હું મારા છેલ્લા શ્વાસ સુધી લડતો રહીશ.

તમને જણાવી દઈએ કે સીતાપુરમાં ભડકાઉ ભાષણ આપવું બસપાના રાષ્ટ્રીય સંયોજક અને બસપા સુપ્રીમો માયાવતીના ઉત્તરાધિકારી આકાશ આનંદ માટે મોંઘુ સાબિત થયું હતું. માયાવતીએ મંગળવારે મોડી રાત્રે તેમને બંને મહત્વપૂર્ણ જવાબદારીઓ પરથી હટાવી દીધા. તેનું કારણ તેની અપરિપક્વતા હોવાનું કહેવાય છે. તમને જણાવી દઈએ કે આકાશ આનંદે સીતાપુરમાં જાહેર સભા દરમિયાન ભાજપના નેતાઓની તુલના આતંકવાદીઓ સાથે કરી હતી. તેમજ તેને ચંપલ માર્યાની પણ વાત થઇ હતી.

આકાશ આનંદના આ ભડકાઉ ભાષણ બાદ તેમની સામે કેસ નોંધવામાં આવ્યો હતો, જેમાં પાર્ટીના ત્રણ ઉમેદવારોના નામ પણ હતા. આ વાતને ગંભીરતાથી લેતા માયાવતીએ આકાશ આનંદની રેલીઓના સંગઠન પર પ્રતિબંધ લગાવી દીધો હતો. તેમ છતાં તેઓ દિલ્હીમાં પાર્ટી સમર્થકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો વગેરેનો સંપર્ક કરતા રહ્યા અને વિપક્ષી નેતાઓને નિશાન બનાવતા રહ્યા.બસપા સુપ્રીમોએ મંગળવારે એક નિવેદન બહાર પાડીને રાષ્ટ્રીય સંયોજક પદ પરથી હટાવવાની અને તેમના અનુગામીની જવાબદારીની જાહેરાત કરી હતી. જોકે, તેમણે આકાશ આનંદના પિતા અને તેમના ભાઈ આનંદ કુમારને પક્ષ અને આંદોલનના હિતમાં અગાઉની જેમ તેમની જવાબદારીઓ નિભાવવાનું ચાલુ રાખવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે બસપાનું નેતૃત્વ પક્ષ અને આંદોલનના હિતમાં અને ડો. આંબેડકરના કાફલાને આગળ લઈ જવા માટે દરેક પ્રકારનું બલિદાન અને બલિદાન આપવામાં શરમાવાનું નથી.

બહુજન સમાજ પાર્ટીની નવી પેઢી તરીકે પાર્ટીમાં મહત્વના હોદ્દા પર નિયુક્ત થયેલા આકાશ આનંદની શરૂઆત સારી રહી ન હતી. માત્ર પાંચ મહિનામાં,માયાવતીએ તેમની પાસેથી રાષ્ટ્રીય સંયોજકનું પદ અને તેમના અનુગામી તરીકેની જવાબદારી પણ છીનવી લીધી. પોતાનો નિર્ણય બલિદાન તરીકે આપીને તેમણે એ સંદેશ પણ આપ્યો હતો કે બસપા કોઈપણ કિંમતે તેના આંદોલનથી ડગશે નહીં.

તમને જણાવી દઈએ કે ગત વર્ષે ડિસેમ્બરમાં લખનૌમાં આયોજિત પદાધિકારીઓના સંમેલનમાં માયાવતીએ આકાશ આનંદને તેમના ઉત્તરાધિકારી જાહેર કર્યા હતા. જો કે તેણે આકાશને યુપી અને ઉત્તરાખંડથી દૂર રાખવાનો પણ નિર્ણય લીધો હતો. આમ છતાં, જ્યારે લોકસભાની ચૂંટણી આવી ત્યારે આકાશ આનંદે નગીના સાથે બસપાની જાહેર સભાઓ શરૂ કરી. જો નિષ્ણાંતોનું માનીએ તો આ જાહેરસભામાં તેમણે આઝાદ સમાજ પાર્ટીના અધ્યક્ષ અને નગીના ઉમેદવાર ચંદ્રશેખર આઝાદ ઉર્ફે રાવણ પર સીધો પ્રહાર કર્યો હતો, જે બસપા નેતૃત્વ સાથે બરાબર નહોતું ચાલ્યું. આકાશ આનંદના આ વલણથી ચંદ્રશેખરને રાજકીય લાભ મળવાની શક્યતા હતી.આ પછી, તેમણે સીતાપુરમાં આપેલા તેમના ભડકાઉ ભાષણથી પાર્ટી નેતૃત્વને નારાજ કરવામાં કોઈ કસર બાકી ન રાખી. વાસ્તવમાં તેમના ભાષણના કારણે બસપા જિલ્લા અધ્યક્ષ વિકાસ રાજવંશી, લખીમપુરના ઉમેદવાર અંશય કાલરા, ધૌરહરા ઉમેદવાર શ્યામ કિશોર અવસ્થી, સીતાપુરના ઉમેદવાર મહેન્દ્ર સિંહ યાદવ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ બોજ આકાશ આનંદ અને માયાવતીએ તેમને કોઈપણ ફેરફાર કર્યા વિના તમામ જવાબદારીઓમાંથી દૂર કરી દીધા.સૂત્રોનું માનીએ તો બસપા સુપ્રીમોએ સીતાપુર એપિસોડ પછી આકાશ આનંદના પ્રમોશન પર પ્રતિબંધ મૂક્યો હતો. આમ છતાં તેઓ દિલ્હીમાં સતત પ્રચાર કરી રહ્યા હતા. તેઓ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, દિલ્હી યુનિવર્સિટીના શિક્ષકો અને વિદેશમાં સ્થાયી થયેલા બહુજન સમુદાયના લોકોનો સંપર્ક કરીને બસપાને પ્રોત્સાહન આપતા રહ્યા. તેમણે એવા મુદ્દાઓને પણ વેન્ટ આપ્યો કે જેનાથી બસપા નેતૃત્વ ટાળી રહ્યું છે. તે જ સમયે,બસપા સુપ્રીમો પોતે ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા માટે ચૂંટણી પંચ પાસેથી કડક કાર્યવાહીની સતત માંગ કરી રહ્યા હતા.

# પન્નુ કેસમાં રશિયા આવ્યું ભારતના બચાવમાં, અમેરિકા પર લગાવ્યા મોટા આરોપ

નવીદિલ્હી,તા.૧૦

ખાલિસ્તાન સમર્થક આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુના મામલામાં રશિયા ભારતના બચાવમાં આવ્યું છે. તેણે પન્નુની હત્યાના પ્રયાસના ષડયંત્રના સંબંધમાં ભારત પર સતત પાયાવિહોણા આરોપો કરવા બદલ અમેરિકાની ટીકા કરી છે. રશિયન વિદેશ મંત્રાલયે આરોપોને ફગાવી દેતા કહ્યું કે વોશિંગ્ટને હજુ સુધી આ મામલામાં ભારતીય નાગરિકોની સંડોવણીના કોઈ વિશ્વસનીય પુરાવા આપ્યા નથી.

રશિયન વિદેશ મંત્રાલયના મારિયા ઝખારોવાએ કહ્યું, 'અમારી પાસે જે માહિતી છે તે મુજબ, પન્નુ નામની વ્યક્તિની હત્યાના પ્રયાસના કાવતરામાં ભારતીય નાગરિકોની સંડોવણી વિશે કોઈ વિશ્વસનીય માહિતી અથવા પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી. પુરાવાની ગેરહાજરીમાં આ વિષય પર અટકળો અસ્વીકાર્ય છે.

ઝખારોવાએ વધુમાં કહ્યું કે અમેરિકા ભારત પર સતત ખોટા આરોપો લગાવી રહ્યું છે. તે ભારતની રાષ્ટ્રીય માનસિકતા અને ઈતિહાસને સમજી શકતો નથી. કારણ કે અમેરિકા ધાર્મિક સ્વતંત્રતા અંગે પાયાવિહોણા આક્ષેપો કરતું રહે છે. વોશિંગ્ટનની કાર્યવાહી સ્પષ્ટપણે ભારતની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ છે. જ્યાં સુધી પન્નુની હત્યાના કાવતરાની અટકળોનો સંબંધ છે, કારણ કે કોઈ પુરાવા નથી, તે સ્વીકાર્ય નથી. અમેરિકા ભારતને એક દેશ તરીકે માન આપી રહ્યું નથી.

તેમણે કહ્યું કે ધાર્મિક સ્વતંત્રતાનું ઉલ્લંઘન અમેરિકાની ભારતની રાષ્ટ્રીય માનસિકતાની નબળી સમજણ અને એક સાર્વભૌમ દેશ તરીકે ભારતનો અનાદર દર્શાવે છે. રશિયન અધિકારીએ અન્ય કેટલાક દેશો સામે ખોટા આરોપો કરવા બદલ યુએસની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય બાબતોમાં વોશિંગ્ટન કરતાં વધુ દમનકારી શાસનની કલ્પના કરવી મુશ્કેલ છે.

તેમણે વધુમાં કહ્યું કે, 'આ માત્ર ભારતમાં જ લાગુ પડતું નથી. અમેરિકાનો ઉદ્દેશ્ય ભારતની આંતરિક રાજકીય પરિસ્થિતિમાં ખલેલ પહોંચાડવાનો છે, જેથી સામાન્ય ચૂંટણીઓ ખોરવાઈ શકે. આ ભારતની આંતરિક બાબતોમાં દખલગીરીનો એક ભાગ છે. વાસ્તવમાં અમેરિકાની 'ધ વોશિંગ્ટન પોસ્ટ'માં કહેવામાં આવ્યું છે કે ભારત હવે રશિયા અને સાઉદી અરેબિયાની જેમ જ પોતાના દુશ્મન સામે કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ગુરપતવંત સિંહ પન્નુ એક ભારત-નિયુક્ત આતંકવાદી છે જે અમેરિકન અને કેનેડિયન નાગરિકતા ધરાવે છે. નવેમ્બરની શરૂઆતમાં, યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે પન્નુની હત્યાના નિષ્ફળ કાવતરામાં કથિત સંડોવણી બદલ ભારતીય નાગરિક સામેના આરોપને રદ કર્યો હતો.હાલમાં જ અમેરિકાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મેથ્યુ મિલરે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે અમેરિકા આંતરરાષ્ટ્રીય દમનને સહન કરતું નથી, આ માત્ર ભારત માટે નથી, પરંતુ સમગ્ર વિશ્વ માટે છે. અમે વિરોધ કરીએ છીએ પછી ભલે તે કોઈપણ દેશનો હોય. આ એક મોટો મુદ્દો છે અને અમે ફોરમ પર આવા લોકો વિશે વાત કરતા નથી. અમને આ મામલાની માહિતી મળતા જ અમારા વરિષ્ઠ અધિકારીઓએ ભારતીય વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. અમે સ્પષ્ટ કર્યું છે કે અમે આવી કોઈપણ બાબતને ખૂબ જ ગંભીરતાથી લઈએ છીએ. ભારત આ મામલાની તપાસ કરી રહ્યું છે. અમે તપાસના પરિણામો જોવાની રાહ જોઈ રહ્યા છીએ.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અનુસાર, ૫૨ વર્ષીય નિખિલ ગુપ્તા ભારતીય નાગરિક છે. ગુપ્તાની ૩૦ જૂન ૨૦૨૩ના રોજ ચેક રિપબ્લિકમાં ધરપકડ કરવામાં આવી હતી. હવે નિખિલ ગુપ્તાને ચેક રિપબ્લિકથી અમેરિકા પ્રત્યાર્પણ કરવામાં આવશે. યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટનું કહેવું છે કે ભારત સરકારનો એક અધિકારી, જેનું નામ જાહેર કરવામાં આવ્યું નથી, તે નિખિલ ગુપ્તા અને અન્ય સરકારી અધિકારીઓના સંપર્કમાં હતો. આ લોકો અમેરિકામાં એક રાજકીય કાર્યકર ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડી રહ્યા હતા, જેઓ ભારતીય મૂળના છે અને અમેરિકન નાગરિક છે. ગયા મહિને, ધ વોશિંગ્ટન પોસ્ટ, અનામી સ્ત્રોતોને ટાંકીને, પન્નુની હત્યાના કથિત કાવતરાના સંબંધમાં રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના અધિકારીનું નામ આપ્યું હતું.

# ગાઝામાં દુષ્કાળ જેવી સ્થિતિ, હવે ઇઝરાયલની સેનાએ કેરેમ શાલોમ ક્રોસિંગ ફરીથી ખોલ્યું

જેરુસલેમ,તા.૧૦

ગયા વર્ષે હમાસ દ્વારા કરવામાં આવેલા આતંકવાદી હુમલા બાદ ઈઝરાયેલનો વળતો પ્રહાર ચાલુ છે. ઈઝરાયેલ સતત હમાસના સ્થાનોને નિશાન બનાવી રહ્યું છે. આ દરમિયાન બુધવારે ઈઝરાયેલી સેનાએ એક મોટું પગલું ભર્યું છે. ઈઝરાયેલની સૈન્યએ કહ્યું છે કે તેણે કેરેમ શાલોમ ક્રોસિંગને ફરીથી ખોલ્યું છે, જે ગાઝામાં માનવતાવાદી સહાય પહોંચાડવા માટે મહત્વપૂર્ણ છે. ક્રોસિંગ નજીક હમાસના રોકેટ હુમલામાં ચાર ઈઝરાયેલી સૈનિકો માર્યા ગયા બાદ રવિવારે તેને બંધ કરી દેવામાં આવ્યું હતું.

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધની શરૂઆતથી જ કેરેમ શાલોમ ક્રોસિંગ ગાઝામાં માનવતાવાદી સહાય પહોંચાડવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે. આ એક એવી જગ્યા છે જ્યાંથી લોકો ગાઝામાં આવીને જઈ શકે છે. હાલમાં, ગાઝા સરહદના તમામ ક્રોસિંગ ઈઝરાયેલના નિયંત્રણમાં છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૪૬ દર્દીઓ અને ઈજાગ્રસ્તો તબીબી સારવાર મેળવવા માંગતા હતા. કેરેમ શાલોમ ક્રોસિંગ ખુલ્યા બાદ લોકોને ચોક્કસ રાહત મળશે.

દરમિયાન, અમે તમને એ પણ જણાવી દઈએ કે સંયુક્ત રાષ્ટ્રની એજન્સીઓ અને સહાય જૂથોએ તાજેતરના સમયમાં માનવતાવાદી સહાયમાં વધારો કર્યો છે. આ શક્ય બન્યું છે કારણ કે ઈઝરાયેલ, તેના નજીકના સાથી અમેરિકાના દબાણ હેઠળ, કેટલાક નિયંત્રણો હટાવી લીધા છે અને ઉત્તરમાં વધારાની ક્રોસિંગ ખોલી છે. યુનાઈટેડ નેશન્સે કહ્યું છે કે ઉત્તરી ગાઝા પહેલાથી જ ×સંપૂર્ણ દુકાળ×ની સ્થિતિમાં છે.વર્તમાન પરિસ્થિતિ પરથી એવું લાગે છે કે ક્રોસિંગને કબજે કરવાની ઈઝરાયેલની ઝુંબેશ મર્યાદિત હતી

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS NO : 232**
વિષય : લોકશાહી માં લોકસમસ્યા.
શિર્ષક : નેતા અને નેતાગીરી
પ્રકાર: કાવ્ય - અછાંદસ
શબ્દ : ૧૯૭
નામ : અશ્વિન જાની

હું નેતા છું.
પાડો ફોટો ને પાડો તાળી.

હું આપ સૌ નો સેવક છું.
વફાદાર દેશનો સૈનિક છું.
વિકાસ નો ખૂબ ચાહક છું.
મારૂં સૂત્ર છે.
મારો વિકાસ તમારો રકાસ...
સોરી સોરી સોરી ...વિકાસ.
તમારી જાવક મારી આવક.
આમ તમે પણ થયા દેશ સેવક.

હું નેતા છું.
પાડો ફોટો ને પાડો તાળી.

યાદ કરો,
હું તમારી સાથે સદાય રહુ છું
પાછલી સાલ આપણા પુણ્ય ફળ્યા.
પાણી બહુ પડ્યું.
રસ્તા પર પાણી જ પાણી
એક પણ ખાડા નહતા........દેખાતા
કેટલાક ના ઘરો માં પાણી હતા.
મેં કહ્યું "પાણી ઉતરી જશે, રાહ જુવો."
અને એવું જ થયું.
આવા કંઈક જાહેર કામ કર્યા.

હું નેતા છું,
પાડો ફોટો ને પાડો તાળી.

લગ્ન મેળા માટે અનેક પ્રયાસ કર્યા.
ફંડ ફાળા ઉઘરાવ્યા. જોડા જામ્યા નહીં.
છૂટાછેડા માટે એક વકીલ રોકી,
બધાનું કામ સરળ કરી આપ્યું.
હું નેતા છું.
પાડો ફોટો ને પાડો તાળી.

શાળાઓમાં રંગરોગાન.
હોસ્પિટલ માં બે નવા વોર્ડ..
દસ ખાટલા, પાંચ ગાદલા, બે ચાદર..
અને એવું ઘણું બધું...
જોઈ લેજો કાગળીયા....

હું નેતા છું.
પાડો ફોટો ને પાડો તાળી.

ઘણા બધાની ફરિયાદ છે કે,
તમે બહુ દેખાતા નથી.
"ચૂંટણી પાંચ વર્ષ પછી જ આવે."
એ બંધારણની વાત છે.
એમાં અમારો શું વાક?

હું નેતા છું,
પાડો ફોટો ને પાડો .....

અશ્વિન જાની

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SSNO: 219***
★વિષયઃ લોકશાહીમાં લોકસમસ્યા★
★શીર્ષકઃ જનતા જાગૃતિ★
★પ્રકારઃ પદ્ય★
★શબ્દ સંખ્યાઃ- ૧૦૪★

લોકશાહીની ધરતી પર, લોકોની વ્યથા છલકાય છે,
ગરીબી, અશિક્ષા, ભ્રષ્ટાચારની માયા છવાય છે.

સત્તાની આંધીમાં, ન્યાયની બારી બંધ થાય છે,
અન્યાય અને અસમાનતા, જનતા પર ભારે પડાય છે.

શિક્ષણનો દીવો ગુલ, અજ્ઞાનતાની કાળી રાત છે,
જ્ઞાનની જ્યોત વિના, લોકશાહી કેવી આઘાત છે!

ભ્રષ્ટાચારની ચિંગારી, સિદ્ધાંતોને બાળે છે,
સાચા સેવકોની તલાશમાં, જનતા હવે કાળજે છે.

લોકોની આશાઓની, કશ્મકશ માં દિવસ ઢળે છે,
સપનાઓની સુરંગમાં, હકીકતની દીવાલ ઊભી છે.

સમાનતાની સૂરજને, વાદળો છુપાવે છે,
અન્યાયની અંધારીમાં, ન્યાયનો દીવો ઝળહળે છે.

લોકશાહીની લડાઈમાં, લોકોનો સંઘર્ષ જારી છે,
સમસ્યાઓની સાંકળમાં, સમાધાનની તલાશ કારી છે.

લોકશાહીની મજબૂતી, લોકોની એકતામાં છુપાઈ છે,
સમસ્યાઓનો અંત ત્યાં, જ્યાં જનતા જાગૃત થાય છે.

- નયના જે. સોલંકી...આંખો

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N. O. G. S. S. No. 0102.**
વિષય :- લોકશાહીમાં સમસ્યા.
શીર્ષકઃ- લોકશાહીની અનેક સમસ્યાઓ.
પ્રકાર;- ગદ્ય લેખ.
શબ્દ સંખ્યાઃ-૩૪૦.
લેખકનું નામઃ- રતીલાલ વાયડા
. રચના-

લોકશાહી એટલે લોકો માટેનું લોકોનું અને લોકો દ્વારા ચલાવવામાં આવતું તંત્ર. દુનિયાના અનેક દેશોમાં આજે લોકશાહી છે. ભારત એ ૧૪૦ કરોડ લોકોની વસ્તી ધરાવતો મોટો લોકશાહી દેશ છે . આ લોકશાહી દેશમાં અનેક પ્રકારની સમસ્યાઓ આજે જોવા મળે છે.

૧૯૪૭ ના ૧૫ મી ઓગસ્ટના દિવસે ભારતને અંગ્રેજો દ્વારા સ્વતંત્રતા મળી અને ૧૯૫૦ ૨૬ મી જાન્યુઆરીના દિવસે ભારતની અંદર સંપૂર્ણ લોકસત્તાક પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરવામાં આવી. સૌ પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ બન્યા હતા.

ભારતને પ્રજાતંત્ર મળ્યું ત્યારથી જ અનેકપ્રકારનીસમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસ સરકાર આવી તેઓએ પંચવર્ષીય યોજનાઓ દાખલ કરી અને ધીરે ધીરે દેશના વિકાસ તરફ આપણે આગે કૂચ કરવા લાગ્યા. અનેક પંચવર્ષીય યોજના દરમિયાન દેશનો વિકાસ કરવા માટે સરકારે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચલાવી દેશમાં આજે ગરીબી ,બેકારી, નિરક્ષરતા વગેરે પણ જોવા મળે છે, તેનું કારણ એ છે કે આવડા મોટા દેશની અંદર તમામ પ્રકારની સુવિધાઓ કરવી એ ઘણી મુશ્કેલીની વાત છે.

કોંગ્રેસ પક્ષ એ લગભગ ૫૦થી ૬૦ વર્ષ સુધી રાજ્ય કર્યું અને દેશની ઘણી બધી સમસ્યાઓનો ઉકેલવાનો પ્રયત્ન કર્યો. દેશમાં કારખાનાઓઉદ્યોગિકવિકાસ ,રોજગારીની ઘણી બધી તકો ઊભી કરવામાં આવી સાથે શિક્ષણ સંસ્થાઓની પણ શરૂઆત કરવામાં આવી અને લોકો મોટા પ્રમાણ લાભ લેવા લાગ્યા.

હાલમાં મોદીજી દ્વારા ચલાવવામાં આવતી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને તેણે આખા દેશની કાયાકલ્પ કરવાનો પ્રયત્ન કર્યો છે અને તેમાં ઘણી સફળતા મળી છે . મોદીએ ઘણી બધી યોજનાઓ દેશની અંદર દાખલ કરી અને લોકોને સુખી કરવા માટેના પ્રયત્નો કર્યા તેમાં શિક્ષણની સુવિધાઓ ઉદ્યોગોનો વિકાસ બેરોજગારી ની સમસ્યાઓનો નિવારણ ગરીબો અને આદિવાસીઓ લોકો તરફ વિશેષ ધ્યાન આપી અને તેઓના વિકાસની અનેક પ્રવૃત્તિઓ કરી આરોગ્ય સુવિધામાં આયુષ્યમાન કાર્ડ યોજના દાખલ કરી તેમજ ગરીબોને મફત અનાજ આપી તેમજ ગેસ સુવિધાઓ આપી ગરીબોને માટે મકાનો બાંધી અને આમ લોકોના જીવન સુધારવા માટે અનેક પ્રકારના પ્રયત્ન કર્યા છે. આમ ભારતમાં ગરીબી બેરોજગારીનુ સમાધાન કરવા માટે સરકાર કટિબદ્ધ થઈ કાર્ય કરે છે.

આજે ઉદ્યોગ વિકાસને વેગ મળ્યો છે . જળ વીજળી, રાંધણ ગેસ , રહેવા માટેના મકાનો, આયુષ્યમાન કાર્ડ ની આરોગ્યની યોજના, અનાજની યોજના સ્ત્રીઓના વિકાસની અનેક યોજનાઓ વગેરે દ્વારા દેશના લોકોનું જીવન પરિવર્તન થયું રહ્યું છે લોકોની પણ ફરજ છે કે સરકારના આ કાર્યોમાં તેઓ સહકાર આપે. .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**[ NOGGS:- 171**
વિષયઃ- લોકશાહીની લોકસમસ્યાઓ
શીર્ષકઃ-
પ્રકારઃ- પદ્ય. શબ્દો - ૧૧૦
શીર્ષકઃ- નેતા
જાગો, સુધરોને સાંભળો, આ યુગનાં નેતા!
જનતા કણસી રહી છે, કેમ છો બે ધ્યાન?
બેરોજગારી ,મોંઘવારીએ માઝા મૂકી છે,
આ સમસ્યાનું કરો, તમે ત્વરિત સમાધાન.
નહિતર, જનતા જો નીકળી પડી તો,
સમજો ખોલશે એ જયપ્રકાશ નું મ્યાન.
જોશ જોઈ લીધું, જૂઠું સાંભળી લીધું,
સ્વયંભૂ વધી રહ્યું છે, યુવામાં તાપમાન.
લોક સમસ્યા હલ કરો, આપો પુરું ધ્યાન,
વર્ના શાન ઠેકાણે લાવશે, દેશનું સંવિધાન.
વાડ જ ચીભડું ગળે, એ કેમ સહેવાય?
જો મન બનાવી લીધું,તો ઉથલાવશે કમાન.
કેટલાય બલીદાનોથી મળી છે,આ આઝાદી,
જાતિ, ધર્મ, પ્રદેશનું, તમે ના કરો ગર્ભાધાન.
'નંદી' ઉગે છે તે આથમે છે, છે પ્રકૃતિની રીત,
હજુ પણ સમય છે, છોડો સઘળું અભિમાન.
હિંમતનગર. -- ટી.કે.વાઘેલા 'નંદી'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153**
વિષય: "લોકશાહી માં લોકસમસ્યા"
શીર્ષક:"લોકશાહી વિ. રાજાશાહી".
પ્રકાર:ગધ્ય. શબ્દો:૩૪૯

એવું કહેવાય છે કે લોકશાહી એટલે લોકો માટે અને લોકો નાં મત વડે સત્તા મેળવી રચાયેલી દેશ પર રાજ કરવા ની સીસ્ટમ. જ્યારે ૫૦% લોકો જ મત આપવા જતાં હોય ત્યારે તે લોકો નાં મત વડે કઈ રીતે કહેવાય?દેશ નાં સામાન્ય નાગરિકો ને કોઈપણ કામ કરાવવું હોય તો નાણાં વેરવાં પડે છે.જ્યારે આવક પર ઈન્કમટેક્ષ ભરવો પડતો હોય છે અને તે આવક માંથી દેશ ની આખી સીસ્ટમ ચાલતી હોય છે, ત્યારે ખેડૂતો ને ઈન્કમ માંથી ભરવા પડતાં ટેક્ષ માંથી મુક્તિ આપી સત્તાભૂખ્યા લોકો એ તેમનાં વોટ સિક્યોર કરી લીધાં.

આભાર - નિહારીકા રવિયા ૫ લાખ કમાતા નોકરિયાત ને ટેક્ષ ભરવાનો પણ ૫૦ લાખ કમાતા ખેડૂત ને ટેક્ષ નહીં ભરવાનો.

પછાત વર્ગ ને બધા માં પ્રાયોરીટી આપી ને તેમના વોટ સિક્યોર કરી દીધાં. એચ.એસ.સી.માં ગરીબ વિધ્ધયાર્થી ને ૮૦% માર્ક આવ્યાં હોય પણ તે પછાત વર્ગ નો ના હોય તેને મેડીકલ માં એડમીશન ન મળે પણ જો તે બંગલા-ગાડી વાળો પછાત વર્ગ નો હોય તેને ૫૦% માર્કે મેડીકલ માં એડમીશન મળી જાય.સરકારી નોકરીઓ માં સારાં માર્કે પાસ થવા વાળા સામાન્ય વિધ્ધાર્થી ને નોકરી ના મળે પણ માંડ પાસ થયો હોય તેવાં પછાત વર્ગ નાં છોકરા ને નોકરી મળી જાય.આ છે આપણી લોકશાહી માં લોકસમસ્યા.દુનીયા નાં કોઈ દેશ માં આવી સીસ્ટમ ચાલતી નથી.ત્યાં બે જ વર્ગ છે.અમીર અને ગરીબ.ગરીબ લોકો ને બધી રાહત મળે.બીજો સિનીયર સીટીજન નો વર્ગ છે.તેને બધી રાહત મળે.

આપણે ત્યાં પહેલા રાજાશાહી હતી.તેને રાજ વારસા માં મળતું હતું,તેને ચૂંટાવું પડતું ન હતું.તેથી તેમને વોટ માટે કોઈ રાહત આપવા ની જરુર પડતી નહોતી.જેના માં જેટલી આવડત હોય તેટલા તેઓ કમાતાં.કોઈ રાજા ખરાબ પાકે તો બાજુ નાં રાજ્ય મો રાજા ચડાઈ કરી ને તેનું રાજ પ્રજા નાં ટેકા થી જીતી લેતો.તેથી કાંઈક અંશે રાજા પણ કન્ટ્રોલ માં રહેતો.ક્ષત્રિય રાજા બનતો,બ્રાહ્મણ મુખ્ય મંત્રી બનતો, વાણિયો નાણાં મંત્રી બનતો અને રાજપૂત મુખ્ય સેનાપતિ બનતો અને સામાન્ય વર્ગ માંથી સૈન્ય નક્કી થતું.સામાન્ય રીતે તે જમાના માં લોકો સુખી હતાં અને તેઓ નાં કામ સુખરુપ પાર પડતાં હતાં.આજે જેની પાસે પૈસા છે તેઓ સુખી છે અને જે પૈસા વેરે છે તેઓ નાં કામ પતે છે.લોકશાહી જિંદાબાદ.

લેખકનું નામઃ જિતેન્દ્ર શાહ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**

વિષય લોકશાહીમાં સમસ્યા

શીર્ષક સમાધાન

———-

સમસ્યા શું માત્ર લોકશાહીમાં છે? લોકશાહીમાં ચૂંટાઈને આવેલા ઠેકેદારો બેફામ વર્તે છે. પ્રજાની નહી ખીસા ભરવા તરફ લક્ષ સાધે છે.

ચૂંટણી પહેલાં અને ચૂંટાયા પછીના તેમના વર્તનમાં આસમાન અને જમીન જેટલું અંતર સ્પષ્ટ જણાય છે.

પ્રજાના સેવક નહી પ્રજાના માલિક બની જાય છે. જ્યાં મળે તે દીશામાંથી પૈસા બનાવવાનો ઈરાદો હોય છે. સાચા દેશપ્રેમી દીવો લઈને ઢુંઢવાથી પણ નજર સમક્ષ નહી જણાય .

આપણા નસીબ સારા છે. ભારતને મોદીજી જેવા વડા પ્રધાન દસ વર્ષથી મળ્યા છે. હરણફાળ પ્રવૃત્તિથી દેશ ધમધમી ઊઠ્યો છે. યશની કલગી તેમને પહેરાવવી રહી. કામ કરવાની સમતા બિરદાવવી રહી.

કિંતુ બધા તેમના જેવા નથી એ હકિકત સામે આંખ આડા કાન ન કરી શકાય. આપણા દેશની અ ધ ધ ધ પ્રજા, તેમની વ્યથા અને વિચારધારા લોકશાહીની સમસ્યા કઈ રીતે કમ થાય એ લગભગ અસંભવ જણાય છે.

મોદીજી સમસ્યા હલ કરવા હંમેશા તત્પર જણાય છે. કિંતુ તે હળવી થાય એ શક્ય જણાતું નથી.

''હું ભારતિય છું'' ! એ ભાવના કેળવો. દ્વાર ખૂલી જશે, એવું મારું માનવું છે.

પ્રવિણા કડકિઆ

# ગુજરાતની સ્કૂલોને મળેલી બોમ્બની ધમકી મુદ્દે મોટો ખુલાસોઃ પાકિસ્તાનથી ઇ-મેઇલ થયા હોવાનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો દાવો



દિલ્હી જેવી ઘટનાનું પુનરાવર્તન ગુજરાતમાં થયું હતું. ગુજરાતમાં લોકસભા ચૂંટણીના મતદાનના આગલા દિવસે એટલે કે ૬ મેના રોજ અમદાવાદની ૨૮થી વધુ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની એક બાદ એક સ્કૂલને ઇ-મેઈલ દ્વારા ધમકી મળી હતી. ધમકીવાળી સ્કૂલો પર પોલીસે જઈ ચેકિંગ કર્યું હતું. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે પણ ઘટનાસ્થળે ચેકિંગ કર્યું હતું. જો કે, તપાસમાં પોલીસને કઈ મળ્યું નહોતું. જો કે, આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઇ-મેઈલ પાકિસ્તાનથી થયા હોવાનો દાવો કર્યો છે. અગાઉ રશિયન ડોમેનનો દાવો કરવામાં આવ્યો હતો.દિલ્હી અને ગુજરાતમાં સ્કૂલોને ઉડાડી દેવાની ધમકી આપનાર ઇ-મેઈલ મળ્યા બાદ અલગ અલગ એજન્સી દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી. જેમાં ખાસ કરીને અમદાવાદમાં ૨૮થી વધુ સ્કૂલોને ઉડાડી દેવાની ધમકી મળ્યા બાદ તપાસ પહેલા પોલીસે કહ્યું હતું કે, આ ઇ-મેઈલ રશિયન ડોમેનથી થયા છે અને હવે આ ઇ-મેઈલ પાકિસ્તાનથી થયા હોવાનું ક્રાઈમ બ્રાન્ચ કહી રહી છે. એક અઠવાડિયામાં આ કેસની તપાસ રશિયાથી પાકિસ્તાન થઈ હોવાની વિગતો સામે આવી છે. હવે આ કેસમાં વધુ મદદ માટે સેન્ટ્રલ એજન્સીની મદદ લેવામાં આવે તેવી પણ વિગતો સામે આવી રહી છે.ગુજરાતમાં તાજેતરમાં ચૂંટણીના એક દિવસ પહેલા ધમકીભર્યા ઇ-મેઈલ અમદાવાદ શહેરની અલગ-અલગ સ્કૂલમાં આવ્યા હતા અને તેની સાથે આ ઇ-મેઈલની સંખ્યા ૨૮થી વધુ થઈ ગઈ હતી. એટલે કે, ૨૮થી વધુ સ્કૂલોમાં ધમકીભર્યા ઇ-મેઅલ મળ્યા હતા અને તેમાં ધમકીભર્યો મેઇલ વિદેશમાંથી થયો હોવાનું ક્રાઈમ બ્રાન્ચ જણાવી રહી હતી. ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું હતું કે, રશિયન ડોમેનથી ઇ-મેઇલ થયા હતા.બીજી તરફ હવે ઇ-મેઇલની તપાસ કરતા કરતા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને પાકિસ્તાન કનેક્શન મળ્યું છે. એટલે હવે આ ઇ-મેઇલ પાકિસ્તાનથી થયા હોવાનું ક્રાઈમ બ્રાન્ચ જણાવી રહી છે.

# મહેસાણા શહેરમાં જૂના ઝઘડાની અદાવતમાં બે ભાઈઓ પર હુમલો

અગાઉ થયેલી બોલાચાલીને લઈ મહેસાણામાં મસાલો ખાવા પાર્લર ઉપર ઉભેલા યુવક સાથે એક જ પરિવારના સભ્યોએ મારામારી કરી હતી. તે દરમિયાન વચ્ચે છોડાવવા પડેલા નાનાભાઈને પણ બચકું ભરી લેતાં બંને ભાઈઓને સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા. યુવકે ચાર સામે ફરિયાદ નોંધાવી હતી.

મહેસાણાના ભમરીયા નાળા પાસે છાપરામાં રહેતા રાજેશકુમાર વીરાજી ઠાકોર મંગળવારે બપોરે જ્યોતિનગરના ગેટ આગળ વર્મા પાર્લર પાસે મસાલો લેવા ગયો હતો. તે સમયે અગાઉ બોલાચાલી થયેલ રાજપુત શંકરજી (રહે.માધવ પાર્લર પાસે)એ ઝઘડો કરી લોખંડની પાઈપ બંને પગે મારતાં તે નીચે પડી ગયા બાદ તેનું ઉપરાણું લઈને આવેલા રાજપૂત નીમુબેન શંકરજી, રાજપુત સંજયજી લક્ષ્મણજી અને રાજપુત હસમુખે તેને ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યાં રાજેશનો નાનો ભાઈ વિક્રમજી આવી જતાં નીમુબેને તેને ખભાના ભાગે બચકું ભરી લીધું હતું. ઈજાગ્રસ્ત બંને ભાઈઓને સિવિલમાં સારવાર અપાઈ હતી. રાજેશ ઠાકોરે ચારેય સામે ફરિયાદ નોંધાવતાં એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# આગમાં નુકસાની બદલ સોલાર કંપનીને ૧.૧૯ કરોડ વળતર ચૂકવવા વીમા કંપનીને ફરમાન

સાંતલપુરના ચારણકા સોલાર પાર્કમાં ચાર વર્ષ અગાઉ ભયાનક આગ લાગી હતી જેમાં લાન્કો સોલાર એનર્જી પ્રાઈવેટ લિમિટેડ કંપની હસ્તકના પ્લાન્ટમાં મોટું નુકસાન થતાં નુકસાન વળતર પેટે રૂ. ૧,૧૯,૦૪,૬૧૦ નુકસાનની રકમ ૯ ટકા સાદા વ્યાજ સાથે ચૂકવી આપવા વીમા કંપનીને પાટણ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા હુકમ કરાયો છે.

ચારણકા ખાતે આવેલ સોલાર પાર્કમાં જીએસપીસી પીપાવાવ પાવર કંપની લિમિટેડ દ્વારા તેના ૫ મેગાવોટના સોલાર પ્લાન્ટની સંચાલન અને નિભાવણી એટલે કે ઓપરેશન અને મેન્ટેનન્સની કામગીરી ૧૨ વર્ષ માટે ધી લાન્કો સોલાર એનર્જી પ્રાઈવેટ લિમિટેડ હરિયાણાને કોન્ટ્રાક્ટથી સોંપેલી છે. લાન્કો કંપની દ્વારા જોખમ સામે રક્ષણ માટે બે વીમા પોલિસી બજાજ એલિયન્સ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ તેલંગાણા ઉપરાંત મિલકત અને મશીનરી માટે સ્ટાન્ડર્ડ ફાયર એન્ડ સ્પેશિયલ પોલિસી તેમજ મશીનરી બ્રેકડાઉન પોલીસી એલએન્ડટી જનરલ ઈન્શ્યોરન્સ કંપની, રિલાયન્સ જનરલ ઈન્શ્યોરન્સ કંપની પાસેથી ૧૦ જાન્યુઆરી ૨૦૨૦થી ૯ જાન્યુઆરી ૨૦૨૧ સુધીના સમયગાળા માટે લીધી હતી. આ દરમિયાન પ્લાન્ટમાં ૮ જુલાઈ ૨૦૨૦ના રોજ આગ લાગતા મેઈન કંટ્રોલરૂમ આગની લપેટમાં આવી જતા ટ્રાન્સફોર્મર પણ ધડાકા સાથે આગની લપેટમાં આવી ગયું હતું. આગમાં થયેલ નુકશાનનું વળતર મેળવવા કંપનીના અધિકૃત અધિકારી વિજયકુમાર યારરામ દ્વારા વીમા ક્લેમ બજાજ એલિયન્સ કંપનીને મોકલી આપતાં વીમા કંપની દ્વારા અરજદારનું તેમની કંપનીમાં ઈન્સ્યોરેબલ ઈન્ટરેસ્ટ નથી તેવું કારણ જણાવી ક્લેમ નામંજૂર કરાયો હતો.જેને પગલે લાન્કો કંપની દ્વારા પાટણ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં દાદ માંગતાં ક્લેમની રકમ ૯ ટકા વ્યાજ સાથે ચૂકવી આપવા કમિશન પ્રમુખ એન.પી. ચૌધરી દ્વારા હુકમ કરાયો હતો. આ કેસમાં કમિશન સભ્ય સી.એસ બ્રહ્મભટ્ટ પણ ચર્ચામાં જોડાયા હતા.

# નખત્રાણા તાલુકાનાં મથલ ખાતે અખિલ કચ્છ કડવા પાટીદાર સમાજનો ૧૬ મો સમૂહ લગ્ન યોજાયો



મહેશ એલ.સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાના મથલ ખાતે શ્રી પાટીદાર સેવા સંઘ અને ગૌશાળા ખાતે ૨૪ ગામોના સભ્યોની શ્રી ઉમિયા માતાજી સમુહ લગ્ન અયોજન સમિતિ દ્વારા આયોજીત ૧૬ મો સમૂહ લગ્ન તારીખ ૧૦/૫/૨૦૨૪ શુક્રવારને અખાત્રીજના રોજ યોજાઈ ગયો જેમાં ૭ જેટલાં યુગલોએ લગ્ન ગ્રંથીથી જોડાઈ પ્રભુતામાં પગલાં માંડ્યાં હતાં છેલ્લા ૧૬ વર્ષથી દર વર્ષે અખાત્રીજના રોજ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છેઆજે યોજાયેલા સમુહલગ્નમાં અબડાસા મત વિસ્તારના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા ખાસ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા.શ્રી નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવનાબેન પટેલ સહિત સમાજના મહાનુભાવો મંચસ્થ રહયા હતા. આ પ્રસંગે ભારતના અન્ય રાજ્યોમાં ધંધાર્થે બહાર વસતા પાટીદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા .સમુહલગ્ન સમિતિનાકન્વીનર જીવરાજભાઈ પટેલે મહેમાનોને આવકાર્યા હતા .દાતાઓ તરફથી અલગ અલગ ભેટ સોદગો આપવામાં આવી હતી.હસમુખભાઈ ભાવાણી, ખીમજીભાઈ પટેલ, મોહનભાઈ લીંબાણી, બિપિનભાઈ પટેલ, પ્રેમજીભાઈ પટેલ, રામજીભાઈ પટેલ,બ્રિજેશભાઈ સાંખલા, ખુશાલભાઈ પટેલ, જીવરાજભાઈ જબુઆણી સહિતના આગેવાનોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સત્કાર સમારોહનું સંચાલન બ્રિજેશભાઈ સાંખલાએ કર્યું હતું.

# ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે શોભાયાત્રા તથા બ્રહ્મ ચોર્યાસી



વિષ્ણુ ભગવાન ના છઠ્ઠા અવતાર અને આપણાં આરાધ્ય ★ભગવાન શ્રી પરશુરામ ના જન્મોત્સવ★ નિમિતે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી એકલિંગજી હાઇટ્સ, ડી માર્ટ ચાર રસ્તા થી શરૂ થઈ શ્રી શંકરતિર્થ આશ્રમ ખાતે સંપન્ન થઈ હતી.એકલિંગજી હાઇટ્સ ના દિલીપસિંહ સીસોદીયા એ ભગવાન પરશુરામ જી પ્રતિમા ને ફુલહાર કરી સર્વે ભૂદેવો ને નમસ્કાર કરી આશીર્વાદ મેળવીયા હતા પ. પૂ. ★સંત શ્રી આનંદનાથજી★ મહારાજ ના શ્રીમુખે ★ભગવાન પરશુરામ ની યશોગાથા★ ના શ્રવણ અને ત્યારબાદ ★બ્રહ્મચોર્યાસી★ માં પ્રસાદ ગ્રહણ નો લાભ લઈ ભૂદેવો ના આશીર્વાદ મેળવ્યા હતા.યથા શક્તિ દાન..ભેટ..પણ ભૂદેવો ને આપ્યા હતા..સંત શ્રી આનંદનાથજી મહારાજ નો હ્રદય પૂર્વક આભાર.. જયજય પરશુરામ..આ કાર્યક્રમ ને સફળ બનાવવા સાણંદ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ ના પ્રમુખ સનતભાઈ પંડિત..મંત્રી દિલીપભાઈ રાવલ. મેનેજિંગ ટ્રસ્ટી કમલેશભાઈ વ્યાસ..વિજયભાઈ પંડિત..પી.વી.રાવલ.. હિતેશભાઈ શુક્લ.દીપકભાઈ ભટ્ટ હરીઓમભાઈ જાની..અજયભાઈ જોશી સહિત વિશાળ સંખ્યા માં ભૂદેવો ઉપસ્થિત રહ્યા હતા..ભગવાન પરશુરામ ના જન્મોત્સવ ની શોભાયાત્રા નું ઠેર ઠેર જુદા જુદા સમજો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું

# ગાંધીનગર સ્થિત એસ.એસ.વી કેમ્પસ ના વિદ્યાર્થીઓનો H.S.C.Exam -૨૦૨૪ ,વિજ્ઞાન પ્રવાહ માં અદભૂત દેખાવ




ગાંધીનગર સેક્ટર ૩ બી ખાતે આવેલી એસ.એસ.વી કેમ્પસ ના વિદ્યાર્થીઓએ H.S.C.Exam -૨૦૨૪ માં અદભૂત દેખાવ કરેલ છે. જેમાં શાળાની વિદ્યાર્થીની દાઉદી તસનીમ ૯૯.૮૫૪ કોટડિયા પુષ્ટી ૯૯.૨૮% અને વાઢેર નવ્યા ૯૮.૮૪ % પ્રાપ્ત કરી છ૧ Grade મેળવેલ છે.શાળાના ૧૫ વિદ્યાર્થિઓએ છ૨ Grade પ્રાપ્ત કરી શાળાનું તેમજ પોતાના માતા પિતાનું ગૌરવ વધારેલ છે. જે બદલ સમગ્ર એસ.એસ.વી પરિવાર તેમને શુભેચ્છા પાઠવે છે. તેમજ આ રીતે આગળ પણ પ્રગતિ કરતા રહે તેવા આર્શિવચન પાઠવે છે.

### પ્રકૃતિ પૂજક-રક્ષક આદિવાસી સમાજ દ્વારા અખાત્રીજની અનોખી ઉજવણી

# અખાત્રીજથી ખેતીમાં ક્યો પાક સારો રહેશે તેની ખાત્રી કરે છે ડાંગના આદિવાસીઓ



આખત્રીજ ડાંગી આદિવાસી ઓનો મુખ્ય તહેવાર છે. જેને સ્થાનિક આદિવાસીઓ છેલ્લો તહેવાર પણ કહે છે. અને રિવાજ પ્રમાણે સૌ પ્રથમ દારૂની અગારી(ચૂલામાં દારૂનો છટકાવ) પાડવામાં આવે છે. અગારી પાડતી વખતે ખાસ નદીનાં માછલાં જરૂરી હોય છે જેને ચૂલામાં નાખવામાં આવે છે. ઘરની પરિસ્થિતિ અનુસાર બનાવેલ સયપાકથી ચૂલામાં અગારી પાડવામાં આવે છે. કુટુંબ કે ઘરનો વડીલ વ્યક્તી અગારી પાડવાનું કામ કરે છે. સૌ પ્રથમ પુરુષો સ્વર્ગવાસ થઈ ગયેલા પૂર્વજોના નામ લઈને ચૂલામાં તેમના નામની અગારી પાડવામાં આવે છે ત્યાર પછી સ્ત્રીઓ અને બાળકોના નામ લઈ ચૂલામાં અગારી પાડવામાં આવે છે. અગારી પાડ્યા પછી દેવ પૂજન કરવામાં આવે છે. સૌ પ્રથમ ચુલાનું પૂજન કરવામાં આવે છે.

ગામની બહેનો ગીતો ગાતાં ગાતાં ગવરાઈ ને લઈ જાય છે તેમની સાથે નાનાં બાળકો પણ ગવરાઈના પાંદડા ને કાનમાં મુકુને નાચતાં કૂદતાં તેમની સાથે જાય છે. કૂવે ગયા પછી ત્યાં ગીતો ગાતાં ગાતાં કુવા ફરતે પાંચ કાવા(ગોળ ફરવું) ફરીને ગવરાઈને કુવા પાસે મૂકી દેવામાં આવે છે. ત્યારપછી જે રોટલા લઈ ગયાં હોય તેને ભેગાં કરી સૌ કુવા પાસે જ રોટલા વહેંચીને ખાઈ ખાય છે. ડાંગી આદિવાસીઓ અખાત્રીજ માં ગવરાઈ થી ખેતીના પાકનો અંદાજો કાઢે છે.સાથે અખાત્રીજ એ વડીલોને શ્રાદ્ધ વિધી અર્પણ નો તહેવાર પણ કહી સકાય. અખાત્રીજ ના દિવસે વડીલોને યાદ કરી તેમના નામની અગારી પાડવામાં આવે છે.

# ડાંગ જિલ્લાનુ માર્ચ-૨૦૨૪મા લેવાયેલી ધો-૧૨ની પરીક્ષાનુ પરીણામ જાહેર

: આહવા:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૪મા લેવાયેલી ઉચ્ચતર માધ્યમિક (એચ.એસ.સી) બોર્ડની પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ છે.

જેમાં ડાંગ જિલ્લાના ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ) નું ૯૫.૧૧ ટકા, અને (વિજ્ઞાન પ્રવાહ) નું ૯૧.૧૦ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યુ છે.

આ પરિણામ સાથે ડાંગ જિલ્લો વિજ્ઞાન પ્રવાહમા રાજ્યમાં ત્રીજા ક્રમે, જ્યારે સામાન્ય પ્રવાહમાં સાતમાં ક્રમ રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લામા ચાર કેન્?દ્રો ખાતે કુલ ૧૮૦૩ વિદ્યાર્થીઓએ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાથી કુલ ૧૭૧૧ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આ ચાર કેન્દ્રોમાં અનુક્રમે (૧) આહવા-૦૮૦૧ કેન્દ્ર ખાતે ૫૦૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાથી ૪૯૩ પાસ થતા, ૯૭.૦૫ ટકા પરિણામ આવવા પામ્યું છે. (૨) તો સાપુતારા-૦૮૦૨ કેન્દ્ર ખાતે ૪૩૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાથી ૪૨૯ પાસ થતા ૯૭.૯૫ ટકા પરિણામ, (૩) વઘઈ-૦૮૦૩ કેન્?દ્ર ખાતે ૫૭૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાથી ૫૧૪ પાસ થતા અહીંનુ ૮૮.૯૩ ટકા પરિણામ, અને (૪) સુબીર-૦૮૦૪ કેન્દ્ર ખાતે ૨૭૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. જેમાથી ૨૭૫ પાસ થતા અહીંનુ ૯૮.૫૭ ટકા પરિણામ જાહેર કરાયુ છે.

આ સાથે જિલ્લામાં એક (આહવા-૦૮૦૧) કેન્?દ્ર ખાતે કુલ ૩૨૬ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાથી કુલ ૨૯૭ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જેથી અહી ૯૧.૧૦ ટકા પરિણામ આવવા પામ્યું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૪મા લેવાયેલ પરીક્ષાના ઉત્કૃષ્ટ પરિણામ બદલ, ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલ તેમજ જિલ્લા શિક્ષણાધીકારી શ્રી જીગ્નેશ ત્રિવેદી દ્વારા આ તમામ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# અમદાવાદ એરપોર્ટથી વડોદરા સુધી GSRTCની એસી વોલ્વો બસ સેવા શરૂ

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (ય્જીઇ્ઝ)એ અમદાવાદ એરપોર્ટથી વડોદરા અને વડોદરાથી અમદાવાદ એરપોર્ટ સુધીની એસી વોલ્વો બસ સેવા શરૂ કરી છે. દરરોજ ચાર વોલ્વો બસ અમદાવાદ એરપોર્ટથી વડોદરા વચ્ચે અવરજવર કરશે. આ બસ સેવા શરૂ થતાં મુસાફરોને રાહત થઈ છે.અમદાવાદ એરપોર્ટથી સવારે ૬ વાગ્યે ય્જીઇ્ઝની બસ વડોદરા પહોંચવા માટે રવાના થશે જે સવારે ૮:૩૦ કલાકે વડોદરા પહોંચશે. જ્યારે બીજી બસ રાત્રે ૧૧:૩૦ કલાકે અમદાવાદ એરપોર્ટથી રવાના થઈને મોડી રાત્રે ૧:૩૦ કલાકે વડોદરા પહોંચશે. જ્યારે વડોદરાથી બપોરે ૩:૧૫ કલાકે બસ અમદાવાદ એરપોર્ટ માટે રવાના થશે, જે સાંજે ૫:૪૫ કલાકે અમદાવાદ એરપોર્ટ પહોંચાડશે. જ્યારે અન્ય બસ સાંજે ૭:૩૦ કલાકે વડોદરાથી રવાના થશે જે રાત્રે ૧૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પહોંચાડશે.




# રાજકોટ સૌરાષ્ટ્રનું પ્રખ્યાત શ્રી રાધાકૃષ્ણ રામામંડળ સદભાવના બળદ આશ્રમના લાભાર્થે રમાશે



રાજકોટ સૌરાષ્ટ્રનું પ્રખ્યાત શ્રી રાધાકૃષ્ણ રામામંડળ સદભાવના બળદ આશ્રમના લાભાર્થે તા. ૨૬/૦૫/૨૦૨૪, રવીવારના રોજ, મું. ગામ જશવંતપુર, તા. લોધીકા, જી. રાજકોટ ખાતે રાહુલભાઈ ચનાભાઈ રામાણીના સહયોગથી રમાડાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૫ વર્ષથી રાજકોટ સૌરાષ્ટ્રનું પ્રખ્યાત શ્રી રાધાકૃષ્ણ રામામંડળમાં થતી આવક જીવદયાના સેવાના કાર્યોમાં વાપરવમાં આવે છે. જશવંતપુર ગામ ખાતે યોજનાર રામામંડળની આવક પણ સદભાવના બળદ આશ્રમનાં લાભાર્થે વાપરવામાં આવશે. રામામંડળમાં શ્રી હકાભગત (કોટડાનાયાણી), કોમેડી કિંગ ભાવેશ ભગેડી (ભગલો), સિંગર યોગેશ પટેલ વિગેરે ભાગ લેશે.

સદભાવના બળદ આશ્રમ દ્વારા બળદોની જીંદગી બચાવવા અપીલ કરવામાં આવી છે. બળદનો ઉપયોગ ખેતીવાડીમાં કરી શકાય છે. તેઓ સ્વભાવે શાંત, કામગરા હોય છે. પ્રાચીન કાળમાં પણ જયારે સાધનોની શોધ થઈ નહોતી, ત્યારે મુસાફરી કરવા તેમ જ માલસામાનની હેરફેર કરવા માટે બળદગાડાનો જ ઉપયોગ કરવામાં આવતો હતો. આમ તો બળદ આપણી સંસ્કૃતિનો વારસો કહેવાય. ઈશ્વરની આવી દુલર્ભ દેન ગૌ વંશ બળદને સદભાવના વૃધ્ધાશ્રમ જીવનભરનો આશ્રય આપશે. ગુજરાતના કોઈપણ ગામ-શહેર, હાઈવે પર બળદ છુટા, રખડતા, લાચાર—બીમાર કે વયોવૃધ્ધ અવસ્થામાં, અનાથ, નિરાધાર જોવા મળે તો તરત જ સદભાવના વૃધ્ધાશ્રમને જાણ કરવા વિનંતી કરવામાં આવી છે. કોઈ નિરાધાર, નિરાશ્રીત, બીમાર કે રસ્તે રખડતા, કતલખાને જતાં કે ભૂખ-તરસ—બિમારીથી કમોતે મરતા ભવિષ્યમાં ૧૦,૦૦૦ જેટલા બળદોને સદભાવના વૃધ્ધાશ્રમ (રાજકોટ) દ્વારા નિઃશુલ્ક, આજીવન, આશરો આપવામાં આવશે. હાલમાં પણ ૧૬૦૦ જેટલા બળદોને સદભાવના બળદ આશ્રમ ખાતે આશરો અપાયો છે. જો કોઈ વ્યકિતને આવા કોઈ નિરાધાર બળદ દેખાય તો સંસ્થા દ્વારા ફોન કરીને જાણ કરવાની વિનંતી કરવામાં આવી છે. સદભાવના બળદ આશ્રમ, કાલાવડ રોડ,ખીરસરા અને દેવગામની ધાર, ગુકેશ્વર મહાદેવનું મંદિર,ભૂમિ એગ્રોની પાછળ,રાજકોટ ખાતે કાર્યરત છે. આપને જો કોઈ નિરાધાર, રસ્તે રઝળતા, બળદો મળે તો સદભાવના બળદ આશ્રમ ટ્રસ્ટ મો. ૮૩૨૦૪૦૮૯૦૮ પર ફોન કરીને જાણ કરવા વિનંતી કરાઈ છે.

જીવદયાના લાભાર્થે રમાનાર રાજકોટ સૌરાષ્ટ્રનું પ્રખ્યાત શ્રી રાધાકૃષ્ણ રામામંડળ રમાડવા માટે સંપર્ક મહેશભાઈ (મો.૯૪૨૮૮ ૯૩૧૨૮), જયેશભાઈ (મો.૯૮૨૫૫ ૭૯૮૪૯), યોગેશભાઈ (મો.૮૧૪૧૪ ૬૬૬૫૨) પર સંપર્ક કરવામાં યાદીમાં જણાવાયું છે.

ધી ગાંધીનગર અર્બન કો-ઓપ. બેંક લી.
સી-૭/૮, શ્રી પોપટલાલ દાણી ભવન, અપના બજાર, સેક્ટર-૨૧, ગાંધીનગર
રજત જયંતિ મહોત્સવ
બેંક તેના સફળતાપુર્વક ૨૪ વર્ષ પુર્ણ કરી ૨૫ માં વર્ષમાં પ્રવેશ કરી રજત જયંતિ વર્ષ ઉજવી રહી છે ત્યારે બેંકના સર્વે સભાસદોને ભાવભીનું આમંત્રણ છે. તો દરેક સભાસદોએ નીચે દર્શાવેલ તારીખ, સ્થળ અને સમયે હાજર રહી રજત જયંતિ મહોત્સવમાં ભાગ લેવા વિનંતી છે.
તારીખ : ૧૨-૦૫-૨૦૨૪, રવિવાર સમય : સવારે ૯.૦૦ કલાકે
સ્થળ : ગેટ નં.૬, ખિમજી વિસરામ હોલ, કડી સર્વ વિદ્યાલય સંકુલ, સેક્ટર-૨૩, ગાંધીનગર.
નોંધ : ગિફ્ટ માટે KYC પૂર્તતા કરાવવી અનિવાર્ય છે.
તા.૦૮-૦૫-૨૦૨૪ ચેરમેનશ્રી તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.